RNI NO. GUJ/GUJ/2004/15191

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

BHAVNAGAR
www.aaspassdaily.com

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૮૨ કારતક વદ - ૧૫ બુધવાર, તા.૧૯-૧૧-૨૦૨૫ અંક : ૨૧ વર્ષ : ૨૩ news@aaspassindia.com કિંમત રૂા. ૨-૫૦ પાના - ૮

# આંધ્રપ્રદેશમાં ત્રણ મહિલા સહિત વધુ સાત નકસલીઓ ઠાર

નવી દિલ્હી

આંધ્રપ્રદેશમાં સુરક્ષા દળોએ ખતરનાક માઓવાદી મડવી હિડમાની હત્યાના એક દિવસ પછી પણ માઓવાદી વિરુદ્ધ કાર્યવાહી શરૂ રાખી છે. રાજ્યના મારેડુમિલી વિસ્તારમાં એક એન્કાઉન્ટરમાં સાત માઓવાદીઓ માર્યા ગયા હોવાના અહેવાલ છે. આંધ્રપ્રદેશ ગુપ્તચર વિભાગના એડીજી મહેશ ચંદ્ર લદ્દાએ એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન જણાવ્યું હતું કે માર્યા ગયેલા માઓવાદીઓમાં ત્રણ મહિલાઓનો સમાવેશ થાય છે.

પોલીસના જણાવ્યા અનુસાર, માર્યા ગયેલા માઓવાદીઓમાં એક મેટુરી જોખા રાવ ઉર્ફે શંકર હતો. તે શ્રીકાકુલમનો રહેવાસી હતો અને આંધ્ર-ઓડિશા સરહદનો જવાબદાર હતો. તે ટેકનિકલ નિષ્ણાત હતો અને શસ્ત્રો અને સંદેશાવ્યવહાર સાધનોનો મજબૂત કમાન્ડ ધરાવતો હતો.આંધ્રપ્રદેશ પોલીસે રાજ્યના વિવિધ પ્રદેશોમાંથી આશરે ૫૦ સીપીઆઈ (માઓવાદી) કેડરની ધરપકડ કરી છે. આ કાર્યવાહી કૃષ્ણા, એલુરુ, એનટીઆર વિજયવાડા, કાકીનાડા અને ડૉ. બીઆર આંબેડકર કોનાસીમા જિલ્લામાં કરવામાં આવી હતી. આનાથી માઓવાદી સંગઠનના દક્ષિણ બસ્તર અને દંડકારણ્ય નેટવર્કને ભારે ફટકો પડ્યો છે.

પોલીસના જણાવ્યા અનુસાર, ધરપકડ કરાયેલા લોકોમાં વરિષ્ઠ માઓવાદીઓ, સંદેશાવ્યવહાર નિષ્ણાતો, સશસ્ત્ર પ્લાટૂન સભ્યો અને પાર્ટીના સભ્યોનો સમાવેશ થાય છે. આ બધા માઓવાદીની સેન્ટ્રલ કમિટીના સભ્ય માધવી હિડમા સાથે નજીકથી કામ કરી રહ્યા હતા.

**આંધ્રમાં સુરક્ષાદળો અને પોલીસનું ઓપરેશન યથાવત :મૃતકોમાં માઓવાદી મેતુરી જોખા પણ સામેલ - ૫૦ ની ધરપકડ કરવામાં આવી**

# બિહારના મુખ્યમંત્રી તરીકે નીતીશકુમાર નિશ્ચિત

**ભાજપે નાયબ મુખ્યમંત્રી તરીકે સમ્રાટ ચૌધરી અને વિજય સિન્હાના નામ પર મહોર મારી : ગુરુવારે શપથગ્રહણ સમારોહ**

પટના

નીતિશ કુમાર ફરી એકવાર જેડીયુના ધારાસભ્ય દળના નેતા તરીકે ચૂંટાઈ આવ્યા છે. આ રીતે તેમના ૧૦મી વખત બિહારના સીએમ બનવાનો માર્ગ મોકળો થઈ ગયો છે. આ સાથે લોકોની નજરો હવે ભાજપની પટણામાં ચાલી રહેલી ધારાસભ્ય દળની બેઠક પર છે. જે બેઠકમાં ધર્મેન્દ્ર પ્રધાન સહિત દિગ્ગજ નેતાઓ હાજર છે. જેમાં બે મોટા નિર્ણય લેવામાં આવ્યા છે. ગત સરકારમાં બે ડેપ્યુટી સીએમ રહેલા ભાજપના નેતા સમ્રાટ ચૌધરી અને વિજય સિન્હાને ફરી વખત ડેપ્યુટી સીએમનું પદ આપવા મંજૂરી મળી ગઈ છે. આ નિર્ણય ભાજપની બેઠકમાં લેવાયો છે. આ સાથે હવે નીતિશ કુમાર ફરી એકવાર બિહારના સીએમ બનશે તે નક્કી થઈ ગયું છે. ભાજપના ધારાસભ્ય દળની બેઠકમાં સમ્રાટ ચૌધરીને ધારાસભ્ય દળના નેતા તરીકે ચૂંટવામાં આવ્યા છે. આ સાથે સમ્રાટ ચૌધરી અને વિજય સિન્હાના નામને ડેપ્યુટી સીએમ તરીકે ફાઈનલ કરી દેવામાં આવ્યા છે. માહિતી અનુસાર એવી ચર્ચા છે કે બિહારના સીએમના શપથ ગ્રહણ સમારોહમાં પીએમ મોદી પણ આવતીકાલે હાજરી આપી શકે છે.

# દિલ્હી બ્લાસ્ટની તપાસ મુંબઈ પહોંચી

**ત્રણ શંકાસ્પદોની ધરપકડ, પૂછપરછ માટે નવી દિલ્હી લઈ જવાયા**

નવી દિલ્હી,

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં તાજેતરમાં થયેલા બોમ્બ વિસ્ફોટ, જેમાં ૧૫ લોકોના મોત થયા હતા, તેની તપાસ હવે મુંબઈ પહોંચી ગઈ છે. મુંબઈ પોલીસના સૂત્રોના જણાવ્યા અનુસાર, કેન્દ્રીય એજન્સીઓએ સોશિયલ મીડિયા અને અન્ય ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા કેસ સાથે જોડાયેલા લોકોના સંપર્કમાં રહેલા વ્યક્તિઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાનું શરૂ કરી દીધું છે.

સૂત્રો જણાવે છે કે મુંબઈ પોલીસની મદદથી હાથ ધરવામાં આવેલા ગુપ્ત ઓપરેશન દરમિયાન મુંબઈના વિવિધ ભાગોમાંથી ત્રણ શંકાસ્પદોની અટકાયત કરવામાં આવી છે. ત્રણેય વ્યક્તિઓ ઉચ્ચ શિક્ષિત અને સુસ્થાપિત પરિવારોમાંથી હોવાનું કહેવાય છે.

તેમની શરૂઆતની અટકાયત પછી, શંકાસ્પદોને વધુ પૂછપરછ માટે દિલ્હી મોકલવામાં આવ્યા હોવાનું કહેવાય છે. કેન્દ્રીય તપાસ એજન્સીઓ હવે વિસ્ફોટમાં તેમની સંભવિત સંડોવણી વિશે વધુ માહિતી એકત્રિત કરવા માટે તેમની પૂછપરછ કરી રહી છે.તપાસ હેઠળ એક ખાસ મોબાઈલ એપ્લિકેશનનો ઉપયોગ

પોલીસ સૂત્રો એવો પણ દાવો કરે છે કે શંકાસ્પદો ચોક્કસ મોબાઈલ એપ્લિકેશન દ્વારા મુખ્ય આરોપીના સંપર્કમાં હતા. તપાસકર્તાઓ માને છે કે આ એપ્લિકેશનનો ઉપયોગ સંવેદનશીલ માહિતીના સંકલન અથવા વિનિમય માટે થઈ શકે છે.

જેમ જેમ તપાસ વિસ્તૃત થાય છે, એજન્સીઓ મહારાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાં ફોલો-અપ કામગીરી હાથ ધરી રહી છે.

૧૦ નવેમ્બરની સાંજે લાલ કિલા મેટ્રો સ્ટેશન નજીક ધીમી ગતિએ ચાલતી હ્યુન્ડાઇ ૨૦ કારમાં એક શક્તિશાળી વિસ્ફોટ થયો હતો, જેમાં ૧૫ લોકો માર્યા ગયા હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા.

# અલ ફલાહ યુનિ.ના ચેરમેનને ૧૩ દિવસ ઈડીની કસ્ટડીમાં મોકલાયો

**દિલ્હીની ખાસ કોર્ટમાં મધ્યરાત્રિ બાદ સુનાવણી હાથ ધરવામાં આવ્યા બાદ કોર્ટે આપ્યો આદેશ**

નવી દિલ્હી,

દિલ્હીની એક ખાસ સ્પેશ્યલ કોર્ટે અલ-ફલાહ યુનિવર્સિટીના ચેરમેન જવાદ અહેમદ સિદ્દીકીને ૧૩ દિવસના એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) કસ્ટડીમાં મોકલ્યા છે. તેમને રાત્રે ૧૧:૦૦ વાગ્યે સાકેત કોર્ટના એડિશનલ સેશન્સ જજ શીતલ ચૌધરી પ્રધાન સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા.

દિલ્હીની એક ખાસ કોર્ટે અલ-ફલાહ ગ્રુપના ચેરમેન જવાદ અહેમદ સિદ્દીકીને ૧૩ દિવસના એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) કસ્ટડીમાં મોકલ્યા છે. એડિશનલ સેશન્સ જજ શીતલ ચૌધરી પ્રધાને મધ્યરાત્રિ પછી તેમના ચેમ્બરમાં સુનાવણી બાદ આ આદેશ આપ્યો હતો.

અલ-ફલાહ યુનિવર્સિટીના સ્થાપકને રાત્રે ૧૧:૦૦ વાગ્યે સાકેત કોર્ટના એડિશનલ સેશન્સ જજ શીતલ ચૌધરી પ્રધાન સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. રિમાન્ડ ઓર્ડરમાં કોર્ટે જણાવ્યું હતું કે સિદ્દીકીને અલ-ફલાહ યુનિવર્સિટીમાંથી પ્રાપ્ત ભંડોળના ટ્રાન્સફર સંબંધિત મોટા પાયે છેતરપિંડી, ખોટા માન્યતા દાવા અને મની લોન્ડરિંગના ગુનામાં દોષિત ઠેરવવા માટે પૂરતા આધારો છે.ઈડીએ ૧૮ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ મોડી રાત્રે PMLA ની કલમ ૧૯ હેઠળ સિદ્દીકીની ધરપકડ કરી હતી. એજન્સીએ કોર્ટને જણાવ્યું હતું કે તપાસ તેના પ્રારંભિક તબક્કામાં છે .

**યુનિવર્સિટીએ ખોટી રીતે મેળવી રૂપિયા ૪૧૫.૧૦ કરોડની આવક**

કોર્ટમાં રજૂ કરાયેલા નાણાકીય વિશ્લેષણ મુજબ, અલ-ફલાહ સંસ્થાએ નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ અને ૨૦૨૪-૨૫ વચ્ચે ટ્યુશન ફી અને અન્ય પ્રકારની આવકમાંથી આશરે રૂા.૪૧૫.૧૦ કરોડની આવક મેળવી હતી. ઈડીનો દાવો છે કે આ રકમ ગુનાની આવક છે, કારણ કે આ સમયગાળા દરમિયાન યુનિવર્સિટીએ તેની માન્યતા અને કાનૂની સ્થિતિને લોકો સમક્ષ ખોટી રીતે રજૂ કરી હતી.

## બંગાળમાં બોર્ડર સિક્યુરિટી ફોર્સે ૫૦૦ જેટલા ઘૂસણખોરોને પકડ્યા

કોલકાતા,

ચૂંટણી પંચ દ્વારા દેશભરમાં શરૂ કરવામાં આવેલી મતદાર યાદી ચકાસણીની પ્રક્રિયા (SIR)નો ડર ગેરકાયદેસર રીતે ભારતમાં રહેતા બાંગ્લાદેશી ઘૂસણખોરોમાં ફેલાઈ ગયો છે. આ ડરને કારણે, પશ્ચિમ બંગાળમાંથી લગભગ ૫૦૦ બાંગ્લાદેશીઓ ભારત છોડીને ભાગવાનો પ્રયાસ કરતા હોવાની માહિતી સામે આવી છે. બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF) એ આ લોકોને સરહદ પાર કરતી વખતે ઇન્ટરસેપ્ટ કર્યા હતા, જે દરમિયાન આ સમગ્ર મામલાનો ખુલાસો થયો.ચૂંટણી પંચે SIR (સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન) હેઠળ એક અભિયાન શરૂ કર્યું છે, જેમાં બૂથ લેવલ ઓફિસરો (BLO) ઘરે-ઘરે જઈને મતદારોની માહિતીની ચકાસણી કરી રહ્યા છે.

# ઉત્તરપ્રદેશમાં હવેથી મદરેસાના મૌલવી અને વિદ્યાર્થીઓની વિગત ATSને આપવી ફરજિયાત

**ઉત્તરપ્રદેશમાં તમામ મદરેસાની હવેથી એટીએસ રાખશે ખબર : દિલ્હીની ઘટના બાદ સુરક્ષાને ધ્યાને લઈને યોગી સરકારનો નિર્ણય**

લખનઉ

રાજધાની દિલ્હીમાં થયેલા બ્લાસ્ટ બાદ ઉત્તર પ્રદેશની યોગી સરકારે સુરક્ષાને લઈને એક મોટું અને મહત્વનું પગલું ભર્યું છે. સુરક્ષા એજન્સીઓને સતર્ક રાખવાના ઉદ્દેશ્યથી, યુપી સરકારે એક નવો પ્રોટોકોલ લાગુ કર્યો છે, જે અંતર્ગત હવે રાજ્યની તમામ મદરેસાઓમાં ભણાવતા મૌલવીઓ અને અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓની સંપૂર્ણ વિગતો એન્ટી-ટેરરિઝમ સ્ક્વોડ (ATS)ને સોંપવી પડશે.એ જ રીતે, મદરેસાઓમાં ભણતા તમામ વિદ્યાર્થીઓની વિગતો અને તેમના મોબાઈલ નંબરની યાદી બનાવીને જમા કરાવવી પણ ફરજિયાત કરવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ પ્રક્રિયા માત્ર ડેટા સંગ્રહ કે સર્વે નથી, પરંતુ એક 'સુરક્ષા ઓડિટ'નો ભાગ છે, જેથી કોઈ પણ સંસ્થામાં શંકાસ્પદ તત્વોની હાજરીને સમયસર ઓળખી શકાય. છેલ્લા કેટલાક મહિનામાં ગુપ્તચર એજન્સીઓએ કેટલીક મદરેસાઓ અને ખાનગી ધાર્મિક સંસ્થાઓમાં બહારના રાજ્યોના યુવાનોની વધતી જતી અવરજવર પર સતર્કતા દાખવી હતી, જેના પગલે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

નવા આદેશ મુજબ, ઉત્તર પ્રદેશની દરેક માન્યતા પ્રાપ્ત અને બિન-માન્યતા પ્રાપ્ત મદરેસાએ પોતાના ત્યાં કામ કરતા તમામ શિક્ષકો અને ધાર્મિક પ્રશિક્ષકોની વ્યક્તિગત માહિતી ATS કાર્યાલયને આપવી પડશે. આ માહિતીમાં તેમનું કાયમી સરનામું, મોબાઈલ નંબર, આધાર કાર્ડની વિગતો અને અન્ય ઓળખ સંબંધિત દસ્તાવેજોનો સમાવેશ થાય છે.

# ગુજરાતમાં શીતલહેર : દાહોદમાં ૯.૯ ડિગ્રી ઠંડી

**માઉન્ટ આબુમાં પડી રહેલી ઠંડીની ગુજરાતમાં પણ અસર રાજ્યના ૧૦ શહેરોમાં લઘુતમ તાપમાન ૧૫ ડિગ્રી નીચે નોંધાયું**

અમદાવાદ

રાજ્યમાં ધીમે ધીમે ઠંડીનો પારો ગગડી રહ્યો છે. ગુજરાતને અડીને આવેલા રાજસ્થાનના હિલ સ્ટેશન માઉન્ટ આબુમાં નવેમ્બર મહિનામાંથી કાતિલ ઠંડી પડવાનું શરુ થઈ ગયું છે. જેની અસર પડોશી રાજ્ય ગુજરાતમાં પણ જોવા મળી રહી છે. ઉત્તર ગુજરાત સહિત રાજ્યના વિસ્તારોમાં શીત લહેર પ્રસરી છે. ગત રાત્રિના દાહોદમાં ૯.૯ ડિગ્રી સાથે સૌથી નીચું તાપમાન નોંધાયું હતું. વર્તમાન સિઝનમાં ગુજરાતમાં નોંધાયેલું આ સૌથી નીચું તાપમાન નલિયામાં ૧૦.૫ ડિગ્રી સાથે સરેરાશ લઘુતમ તાપમાનમાં સામાન્ય કરતાં ૪.૯ ડિગ્રીનો ઘટાડો નોંધાયો હતો. અમદાવાદમાં ગત રાત્રિના ૧૩.૫ ડિગ્રી સરેરાશ લઘુતમ તાપમાન નોંધાયું હતું.

ગત રાત્રિના સરેરાશ લઘુતમ તાપમાનમાં સામાન્ય કરતાં ૩.૫ ડિગ્રીનો ઘટાડો થયો હતો. આગામી ૩ દિવસ અમદાવાદમાં ઠંડીમાં આંશિક ઘટાડો થવાનું હવામાન વિભાગ દ્વારા અનુમાન કરાયું છે.

## દિલ્હીમાં ઠંડીની સાથોસાથ પ્રદૂષણના પ્રમાણમાં વધારો

નવી દિલ્હી,

હવામાનમાં આવી રહેલા ફેરફારોને કારણે દેશની રાજધાની દિલ્હીમાં શિયાળાની અસર સ્પષ્ટપણે વર્તાઈ રહી છે. ઉત્તરી પહાડી વિસ્તારોમાં થઈ રહેલા સ્નો ફોલની સીધી અસર દિલ્હીના હવામાન પર જોવા મળી રહી છે, જેના કારણે દિવસ દરમિયાન પણ ઠંડક અનુભવાઈ રહી છે. તાપમાનમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે અને સાથે જ વાયુ પ્રદૂષણનું સ્તર પણ અત્યંત જોખમી બની ગયું છે.

પહાડો પરથી આવતી ઠંડી હવાઓને લીધે દિલ્હીમાં ઠાર વધ્યો છે. હવામાન વિભાગના આંકડા મુજબ, મંગળવારે મહત્તમ તાપમાન ૨૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સામાન્ય કરતાં ૧.૪ ડિગ્રી ઓછું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન ૯.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આ દિલ્હી આજે સવારે પણ ધુમ્મસનું વાતાવરણ યથાવત્ જોવા મળ્યું હતું. ઉલ્લેખનીય છે કે, આગામી દિવસોમાં લઘુત્તમ તાપમાન આઠ ડિગ્રી સુધી પહોંચવાની સંભાવના છે.

હવામાન વિભાગના પૂર્વાનુમાન મુજબ, ૨૦ થી ૨૪ નવેમ્બર દરમિયાન દિલ્હીનું વાતાવરણ ધુમ્મસ ભર્યુ રહેશે.